ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ-૧** **તા. ૦૮.૦૨.૨૦૧૮**

# રાજ્ય સરકારના પૂર્વ મંત્રી શ્રી અનિલભાઈ પટેલને શ્રદ્ધાંજલી આપતા પ્રદેશ અધ્યક્ષ શ્રી જીતુભાઈ વાઘાણી

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, રાજ્ય સરકારના પૂર્વ મંત્રીશ્રી અને સામાજીક આગેવાન શ્રી અનિલભાઈ પટેલના તા. ૦૮.૦૨.૨૦૧૮ના રોજ વહેલી સવારે થયેલ નિધન અંગે ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણીએ ઉંડા શોકની લાગણી વ્યકત કરી હતી.

શ્રી અનિલભાઈ પટેલ રાજ્યના અને ખાસ કરીને ઉત્તર ગુજરાતના વેપાર-ઉદ્યોગ, ધાર્મિક, સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને પોતાના પ્રદાન અને પ્રેરણાથી પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. તેઓ બે ટર્મ ધારાસભ્ય અને રાજ્ય સરકારમાં ઉદ્યોગ મંત્રી પણ રહી ચૂકયા હતા. મહેસાણા જીલ્લાની ગણપત યુનિવર્સિટીના સ્થાપના સમયથી તેમની અમૂલ્ય સેવાનો લાભ મળતો રહ્યો હતો. તેઓએ ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાનના ચેરમેન તરીકે પણ પોતાની સેવા આપી હતી.

શ્રી અનિલભાઈ પટેલના દુ:ખદ અવસાનથી ઉદ્યોગ, ધાર્મિક, સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓને પૂરી શકાય ન તેવી ખોટ પડી છે. રાજકીય અને સામાજીક ક્ષેત્રના મોભી એવા શ્રી અનિલભાઈના અવસાનથી ભાજપે એક આગેવાન ગુમાવ્યો છે તેમ જણાવી શ્રી જીતુભાઈ વાઘાણીએ તેમના પરિવારને સાંત્વના પાઠવી છે.

**(ડૉ. હર્ષદ પટેલ)**
**કન્વીનર-મીડીયા સેલ**

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૨ તા. ૦૮.૦૨.૨૦૧૮

# વિરોધ પક્ષના નેતાના મતવિસ્તારમાં કોંગ્રેસને ઉમેદવાર પણ ન મળ્યો

## બાબરા તાલુકા પંચાયતની બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ

-------------

પ્રદેશ મીડીયા સેલની યાદી જણાવે છે કે, આજરોજ જીલ્લા પંચાયત-તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીના ફોર્મ ભરવાના અંતિમ દિવસે અમરેલી જીલ્લાની બાબરા તાલુકા પંચાયતની ઉંટવડની અનુસૂચિત જનજાતિ બેઠકના ભાજપાના ઉમેદવાર શ્રીમતી રતીબેન ખૂંટ બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. કોંગ્રેસને આ બેઠકમાટે ઉમેદવાર પણ મળ્યા ન હતા.

અગાઉ અમરેલી જીલ્લાની જાફરાબાદ નગરપાલિકામાં ૨૮માંથી ૨૮ બેઠકો પર ભાજપા બિનહરીફ થયેલ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત કોંગ્રેસના વિધાનસભાના વિપક્ષના નેતા શ્રી પરેશભાઈ ધાનાણીનો મતવિસ્તાર અમરેલી છે.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ